सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૪ એપ્રીલ - ૨૦૦૫ અંક ૫

## વાલીઓને...

### બાળકોને વાંચવા આપો

ગુજરાતી સાહિત્ય તરફ બાળકો ખેંચાય તે માટે સાહિત્યના તેમને રસ પડે તેવા પુસ્તકો વંચાવાની ટેવ પાડવી ખૂબ આવશ્યક છે. આજના સમયની આ માંગ છે અને જો આ બાબતમાં ગફલતમાં રહીશું તો સાહિત્યનો રસાસ્વાદ લેવાનું અને જીવનનો આનંદ માણવાનું ટાણું બાળકો માટે કયારેય નહિ આવે.

આજે ઈન્ફર્મેશન ટેકનોલોજીના ભારે આક્રમણ સાથે કમ્પ્યૂટરની મદદથી અંગ્રેજી વિશ્વભરની ભાષા બની ગઈ છે તેમ કહીએ તો ખોટું નથી. આથી અંગ્રેજી શીખવું અત્યંત આવશ્યક બની જાય છે અને કયારેય નહોતી એટલી જરૂર હવે અંગ્રેજીની પડવાની છે. આ વાત સ્વીકારવી જ પડશે. સાથેસાથે હસ્તાક્ષરો લખવાની પણ ટેવ નાબૂદ થઈ જાય તેમ કી-બોર્ડ, માઉસ વગેરે આવતા સહી કરવાનું પણ રહેશે નહિ. અને સમગ્ર વ્યવહાર પાસવર્ડથી ચાલે તેવું બનવા લાગ્યું છે. માણસના મગજ અને કમ્પ્યૂટર વચ્ચે એક મહત્વનો ફેર છે તે સ્વીકારવું જોઈએ અને તેમાંથી કમ્પ્યૂટરની મર્યાદાનો ખ્યાલ આવવો જોઈએ. કમ્પ્યૂટર કયારેય ભૂલ કરતું નથી. માણસનું મગજ ભૂલ કરી બેસે છે. આને હકારાત્મક દિશામાં જોઈએ તો એમ કહી શકાય કે માણસના મગજને ભૂલ કરવાની આઝાદી છે જે આઝાદી કમ્પ્યૂટરને મળી શકે તેમ નથી. સમૃધ્ધિથી જીવન ઉબાઈ જાય છે. જીવનની સંવેદનાઓ મૂઢ બની જાય છે. સંવેદનાનો પણ એક આનંદ હોય છે તે જો માણવાનું ચૂકાય તો જીવન વ્યર્થ બની જાય છે તે સ્વીકારવું જોઈએ અને આથી આ સંવેદનાઓનો અનુભવ થાય તે માટે સાહિત્યનો સંપર્ક ખૂબ મહત્વનો બની જાય છે તે વાલીઓએ સમજવું પડશે. પોતે જે પુસ્તક વાંચે તેમાં રસ પડતી વાતો અંગે બાળકની સાથે વાતચીતમાં તેનો અનુભવ કરાવે. જેમકે નર્મદાની યાત્રાનો પ્રસંગ અમૃતલાલ વેગડ લખે છે - 'જેમાં એક મગર નદી કિનારે પડયો છે અને મરેલો સમજીને તેઓ નજીક જતા જોશથી અવાજ કરીને તે નદીમાં ચાલ્યો જાય છે અને પાછળ એક લીસોટો મૂકી જાય છે.' અહીં અમૃતલાલ વેગડનું સાહિત્યક સ્વરૂપ આપણને જોવા મળે છે. તેઓ જણાવે છે - 'માતા નર્મદાની કૃપા તો જુઓ હું ત્યારે કર્કરેખા નજીક ઉભો છું અને અહીં મને 'મકરરેખા' પણ જોવા મળી છે.' આમ મકરરેખાનો શ્લેષ જે અભિવ્યક્ત થયો છે તેની મજા બાળકો માણે તેમ સમજવું રહ્યું. આ રીતે બાળકો સાથે વાતચીતના પ્રસંગો ઉભા થશે તે જીવનનું અગત્યનું ભાથું બાંધી આપશે.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

અમારો સિલોનનો પ્રવાસ થયો જેના પાસપોર્ટ તૈયાર થઈ જતા સીલોનના વિઝા માટે મારે મુંબઈ જવાનું થયું.

આ પ્રવાસ માટે વિદ્યાર્થીઓનો ધસારો પુષ્કળ હતો અને કેટલાક વિદ્યાર્થીઓને લઈ શકાયા નહોતા અને તેનો કેટલાક વાલીઓને આક્રોશ હતો.

હું મુંબઈ હતો તે દરમ્યાન જ અમદાવાદ મુંબઈ વચ્ચે પ્રથમવાર એસ.ટી.ડી.સેવા શરૂ થઈ રહી હતી. શાળામાં કોઈ વાલીએ ફોન કર્યો કે હું મુંબઈથી બોલું છું અને સાંતાક્રુઝ પોલીસ સ્ટેશન ઉપર એક ડેડબોડી મળ્યું છે જેમના ખીસ્સામાંથી નીકળેલું કાર્ડ શ્રી દિનુભાઈ દવેના નામનું છે. આ સમાચાર શાળામાં આવતા જ હોહા થઈ ગઈ. મુંબઈમાં અકસ્માતમાં શ્રી દિનુભાઈનું અવસાન થયું તે સમાચાર ફેલાતા વાર ન લાગી. આ બધામાં મારો પુત્ર દર્શન ખૂબ જ સ્વસ્થ હતો. તેણે મુંબઈના ભૂતપૂર્વ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પટેલ સાહેબને ફોન કરી આ સમાચાર જાણવા પ્રયત્ન કર્યો. શ્રી પટેલ સાહેબે જણાવ્યું કે સાંતાક્રૂઝ નામનું કોઈ પોલીસ સ્ટેશન છે જ નહિ એટલે દર્શનને વિશ્વાસ બેસી ગયો કે સમાચાર ખોટા છે, ઉપરાંત શ્રી પટેલ સાહેબે જણાવ્યું કે શ્રી દિનુભાઈ મને પાંચ વાગે મળ્યા હતા અને તમે કહો છો કે સમાચાર બે વાગે આવ્યા તો આ સમાચાર સાચા હોઈ ન શકે. આમ છતાં મારા સાળા અને એક શિક્ષક પ્લેનમાં મુંબઈ આવ્યા. તેઓ બેઠા હતા ત્યાં જ હું મારા કામ પતાવીને ૬-૩૦ વાગે ત્યાં આવી ગયો અને સૌના જીવમાં જીવ આવ્યો. ક્રૂર મજાક કરવાનો એક કડવો અનુભવ સૌને થયો.

**દિનુભાઈ દવે**

પોતાની માતાનાં ચરણવંદન કરનાર પુત્રનું કર્તવ્ય છે કે માતા બિમાર થઈ ગઈ હોય તો તેનું નિદાન કરીને દવા કરાવે. આ સાચી સમજભરી માતૃભક્તિ છે. એ જ રીતે માતૃભૂમિની વંદના કરનાર પોતાની ભૂમિનાં મિથ્યા વખાણ ન કરે અને જ્યાં નબળાઈ જણાતી હોય ત્યાં સુધારી લેવા પ્રયત્ન કરે. પરમકૃપાળુ પરમેશ્વરને તો મારી હાર્દિક પ્રાર્થના છે કે મારા દેશને મારી પ્રજા વધુ ને વધુ યોગ્ય શ્રધ્ધા સાથે વૈજ્ઞાનિક અભિગમ અપનાવે.

**સ્વામી સચ્ચિદાનંદ**

શ્રી દિનકર જોશી ગુજરાતી સાહિત્યનાં પ્રસિદ્ધ લેખક છે. તેમણે નવલકથાઓ, વાર્તાઓ, લેખો, ચરિત્રકથાઓ અધ્યાત્મ રામાયણ, મહાભારત, મહાત્મા ગાંધી, ચિંતનાત્મક, વેદ, ઉપનિષદ, પ્રાર્થના અને શ્રીરામ તથા શ્રીકૃષ્ણ ઉપરના અનેક વૈવિધ્યપૂર્ણ પુસ્તકો આપ્યા છે. આ પુસ્તકોમાંથી ૩૮૦ ગદ્યાંશ ચૂંટીને ૫૦૪ પાનાનો પારિજાત ગ્રંથ તાજેતરમાં આપ્યો છે. અને તે રૂ.૭૫ માં શુભેચ્છક તરફથી સાંકળેલ અનુદાનને કારણે વાચકને ઉપલબ્ધ થઈ શકે તેમ છે. આ વાંચવા માટે સૌને જણાવતા આનંદ થાય છે.

## બાળકને રજાની મજા માણવા દો

'બેન ! આ વખતે તમે વેકેશનમાં કોઈ વર્ગો કે શિબિર કરવાનાં નથી ? છોકરાઓ વેકેશનમાં કરે શું ?'

હજી તો માર્ચ પૂરો થવા આવે અને એકબાજુ પરીક્ષાની ધમધોકાર તૈયારી બાળક પાસે કરાવાતી હોય ત્યાં બીજી બાજુ એની મમ્મી પરીક્ષા પૂરી થાય એટલે તરત જ એને કયાં ને કેવી રીતે કામે લગાડી દેવું એની મથામણ શરૂ કરી દેતી હોય છે.. મેં એ મમ્મીને પૂછયું.. બાળક કેટલા વર્ષનું છે ? 'સાત વર્ષનું' , માએ કહયું.

અને મને એક ઘેરો આઘાત લાગ્યો. આ બાળકને આપણે શું ચાવીવાળા રમકડાં સમજીએ છીએ ? એક તો ભણવાની અને પરીક્ષાનાં માર્કસની ઘેલછાની પાછળ આપણે એની પાસે ગજા બહારનું કામ લેતાં હોઈએ. માંડ પરીક્ષા પતે તેની રાહ બાળક જોતું હોય ત્યાં તો તેની મમ્મીએ તેનાં માટે વેકેશનમાં વર્ગોનું આયોજન ગોઠવી જ દીધું હોય.. એને શું ગમે , ન ગમે તે વિચારવાની વાત તો બાજુ પર રહી બાળક બીચારુ 'હાશ'નો શ્વાસ કયારે લે ? એને relax થવાનો અધિકાર જ નથી ? આખા વર્ષ દરમ્યાન છ કલાક સ્કુલ, સ્કુલ છૂટે એટલે રોજેરોજ કયાં તો ટયુશન , અંગ્રેજીના વર્ગ , કમ્પ્યૂટરનાં વર્ગ, ચિત્ર, સંગીત, નૃત્ય, ચેસ, સ્વીમીંગ ઈતર પ્રવૃત્તિનો ય કયાં આરો આવે તેમ હોય છે ! દરેક માને તેનાં બાળકને સર્વગુણસંપન્ન બનાવી દેવું છે અને તે પણ ખૂબ ઝડપથી અને એટલે આખું વર્ષ એને મેરેથોન દોડ કરવાની જ હોય, માંડ વેકેશન મળે કે જ્યારે એ ઘરનાં ખૂણે ખૂણાને માણી શકે, નિશ્ચિંતે રમી શકે, મિત્રોને હળીમળી શકે, મામા, માસી કે ફોઈને ત્યાં જઈને સ્વજનોની હૂંફ માણી શકે ત્યારે મમ્મી તેને માટે વર્ગોનું આયોજન કરીને તેને ફરીને બંધનમાં બાંધવાની ભાંજગડ કરતી હોય છે. બાળકનાં ઘડતરમાં સ્વજનોનો પ્રેમ, કુટુંબભાવના, વડિલો માટેનો પૂજ્યભાવ એ પણ કેટલા મહત્વનાં પરીબળો છે તેનો ખ્યાલ આજની શિક્ષિત કહેવાતી માતાઓનાં મગજમાંથી સાવ જ જતો રહ્યો છે. તમે કયારેય હસતું રમતું, ખિલતું કિલ્લોલતું ને નિર્દોષ હાસ્ય વેરતું બાળક જોયું છે ખરૂં ! એની આંખોમાં જાણે સાક્ષાત ઈશ્વરનાં દર્શન થાય છે પણ આજની માતા પાસે એ ક્ષમતા છે ખરી ! એ દૃષ્ટિ છે ખરી ! બાળકોને આપણે રોબોટ નથી બનાવવાનાં, સંવેદનવાળા જીવંત માનવ બનાવવાનાં છે, એ હળવાશ નહીં અનુભવી શકે તો તેની એ બધી જ સંવેદનાઓ મૂરઝાઈ જશે. એને પણ જીવનમાં હળવી ક્ષણો માણવા દો... કયારેક મનને ગમે તેમ કરવા દો.. રજાની મજાનાં ગીતો ગવડાવતાં બાળકોને એ મજાનો અનુભવ કરવા દો.

પૈસા ખર્ચીને, બાળકોને વર્ગોમાં મોકલી દઈને પોતાની ફરજ બજાવી દીધાનો, બાળકની પ્રગતિ માટે બધું જ કરી છૂટયાંનો સંતોષ લેવો શું યોગ્ય છે ? બાળકનાં જીવનને જીવંત રાખવું હશે, તેનું ઘડતર કરવું હશે તો તેને સમય આપવો પડશે. તેની સાથે વેકેશનનો સમય ગાળવો પડશે. એના નિકટનાં પાંચ સાત મિત્રોનું ગ્રુપ ભેગું કરી વારાફરતી એક એક મિત્રોને ત્યાં ભેગા મળી વાર્તા, સંગીત, ચિત્ર, રમતગમત, કવીઝ, કેટકેટલી પ્રવૃત્તિ કરી શકાય ! દરેક માતાએ ફક્ત અઠવાડિયામાં એક જ દિવસ બેચાર કલાક ફાળવવામાં આવે. દરેક માતા પાસે કંઈક આવડત તો હોય છે જ, આપણે જ બાળકોને અને તેના મિત્રોને આપણી આવડતનો લાભ ન આપી શકીએ ! આજે જ્યારે બાળકો એકબીજાના અસ્તિત્વને ખમી શકતા નથી ત્યારે તેમનામાં સામાજિકતા, સહકાર અને સ્નેહની ભાવના ઉભી કરવા આવા આયોજનની ખૂબ જરૂર ઉભી થઈ છે. પૈસા ખર્ચી વ્યવસાયી માણસોથી ચાલતા વર્ગો કરતાં માતાઓ તરફથી મળતાં આ વાત્સલ્યથી જ બાળકને સાચું relaxation મળશે અને વેકેશન પૂરું થતાં તે વધુ પ્રફુલ્લિત બની કામ કરી શકશે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**હોળી ઉત્સવ :**

બાલમંદિરમાં તા.૫-૩-૦૫ને શનિવારે હોળીનાં આગલા દિવસે હોળી ઉત્સવ ઉજવાયો.કમ્પાઉન્ડમા ખૂબ કચરો એકઠો થયેલો અને બધા પાદડા વગેરેનો નિકાલ કરવો જરૂરી હતો. તેના નિકાલ માટે આ ઉત્સવનું નિમિત્ત બનાવીને હોળી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ હોળી ઉત્સવનાં માહોલથી આખો પ્રસંગ બાળકો અને વાલીઓએ પણ માણ્યો.

બાલમંદિરની બહેનોનો ઉત્સાહ ખૂબ હતો. તેમણે વિધિવત રીતે હોળીનું પૂજન કર્યું અને બાળકોને ધાણી ખજૂરનો પ્રસાદ આપ્યો. બાળકો હોળી પ્રગટાવી ત્યારે આજુબાજુના પગથિયા ઉપર બેસી ગયા હતા તો સ્ટેજ ઉપરનાં બાળકો હોલીકાત્સવનો નાચ કરતાં હતા ત્યારબાદ સૌ બાળકો વર્ગમાં ગયા અને કેસૂડાનાં પાણીથી એકબીજાને રંગ છાંટયો. રંગ માટે માત્ર કેસૂડાનું પાણી જ વપરાય એવો આગ્રહ રાખવામાં આવ્યો હતો. અને ત્યારબાદ બાળકોને પ્રસાદીના પેકેટ આપવામાં આવ્યા. જ્યારે શાળાનો સમય પૂરો થયો ત્યારે વાલીઓ બાળકોને લેવા આવ્યા ત્યારે તેઓએ પણ કેસૂડાંના પાણીથી એકબીજાને આનંદથી રંગ છાંટયો અને સુંદર કાર્યક્રમ ઉજવાયાનો આનંદ સૌએ અનુભવ્યો.

**ગુડી પડવો :**

તા.૯-૪-૦૫ને શનિવારે ગુડીપડવો હોઈ સૌ બાળકો માટે લીમડાનો રસ કાઢવામાં આવ્યો. બાળકોએ આનંદથી તે રસ પીધો અને એટલું જ નહિ પણ કેટલાક બાળકોએ બીજીવાર પણ તે માણ્યો. ત્યારબાદ સૌ બાળકોને શીરો અને શાકનો નાસ્તો આપવામાં આવ્યો. આમ ગુડીપડવાની ઉજવણી આનંદપૂર્વક બાલમંદિરમાં કરવામાં આવી.

બાલમંદિરમાં તાલીમના બાળકો માટે સુલેખન સ્પર્ધા તથા શ્રુતલેખન સ્પર્ધા યોજવામાં આવી.

રામનવમીનું નાટક ભજવવામાં આવ્યું. મહાવીર જયંતિ નિમિત્તે મહાવીર સ્વામીના જીવનને અનુલક્ષીને નાટિકા રજૂ કરવામાં આવી.

શનિવાર તા.૧૬-૪-૦૫ના રોજ તાલીમના બાળકો માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો.ભાવસભર રીતે તેમને બાલમંદિરમાંથી વિદાય આપવામાં આવી. બાળકો માથે રંગબેરંગી ટોપી પહેરી ખૂબ નાચ્યા, કૂદયાં અને હોંશભેર આખોય ઉત્સવ ઉજવ્યો.

હવે તા.૧૯,૨૦,૨૧-૪-૦૫નાં રોજ બાળકો નવા શારદામંદિરમાં Orientation માટે જશે.

## શિશુમંદિર

વર્ષ દરમ્યાન ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને યોજાયેલી સમગ્ર આંતરગૃહ સ્પર્ધાઓમાં પ્રથમ રત્નદીપ (૨૩૦), દ્વિતીય ધવલગિરિ (૧૮૦), તૃતીય ગંગોત્રી (૧૪૦) અને ચતુર્થ મેઘનાદ (૧૩૦) ગુણ મેળવે છે.

## વિનયમંદિર

વર્ષ દરમ્યાન યોજાયેલ અનેકવિધ આંતરગૃહ સ્પર્ધાઓમાં પ્રથમ ગીતગોવિંદ (૧૫૦), દ્વિતીય ચંદ્રમૌલિ (૧૧૦) અને પદ્મપુકુર (૧૧૦) અને તૃતીય મેઘદૂતે (૮૦) ગુણ મેળવ્યાં છે.

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાનાં શિક્ષિકા શ્રી નિકુંજબેન જાનીને તેમના પુસ્તક' डुबते हुए सूरज का सच ' માટે હિન્દી સાહિત્ય અકાદમી તરફથી ૨૦૦૨ના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અંતર્ગત તૃતીય ઈનામ મળ્યું છે તે માટે તેમને અભિનંદન.

તા.૯-૪-૦૫નાં રોજ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના અમૃત મહોત્સવ નિમિત્તે યોજાયેલ સમારંભમાં ૧૦૧ લેખકોના ૧૬૩ જેટલા પુસ્તકોનો વિમોચન વિધિ પૂ.શ્રી કે.કા.શાસ્ત્રી અને સ્વામી શ્રી સચ્ચિદાનંદજી અધ્યક્ષતામાં યોજોયો. જેમાં લેખકોનું અભિવાદન પણ કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના કૉ.ઓર્ડિનેટર ઊર્મિલાબેન શાહના પુસ્તક 'જીવન સંધ્યાનાં તિમિર અને તેજ' ને પણ સ્થાન મળ્યું હતું.

## 'સાચી કેળવણી'

આપણા કોશમાંથી 'ભણાવવું' શબ્દ કાઢી નાંખવો જોઈએ. આપણે તો બાળકોને 'કેળવવાં'છે. કવિતા, ગણિત, ઈતિહાસ વગેરે વિષયો ભણાવી શકાય. આજકાલ મા-બાપ છોકરાંને ભણાવીને ધન્યતા અનુભવતાં થઈ ગયાં છે.

કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા કરી આપવી. તે ગુલાબના છોડને ખાતર-પાણી દઈએ, નીંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઊગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની, એની ભીતર બધું જ પડયું જ છે. આપણે તો ખાલી બાહ્ય મદદ જ કરવાની છે.

- મનુભાઈ પંચોળી (દર્શક)

ભ્રાંતિમાં સપડાયા વિના, સ્પષ્ટ રીતે અને સ્વસ્થ ચિત્તથી વિચાર કરવાની તથા માન્યતાઓ અને આદર્શ પ્રમાણે નહિ પણ હકીકતો મુજબ વિચાર કરવાની શક્તિ એટલે કેળવણી....

પરીક્ષામાં ઉત્તીર્ણ થવું, ઉપાધિ મેળવવી, નોકરી પ્રાપ્ત કરવી, પરણી જવુંઅને જીવનમાં સ્થિર થવું એટલું જ માત્ર શિક્ષણ નથી. પક્ષીઓને સાંભળવા શક્તિમાન થવું, આકાશને નિહાળવું, વૃક્ષની અસાધારણ શોભાનાં અને ટેકરીઓના આકારનાં દર્શન કરવાં અને તેમને અનુભવવાં, તેમના સાચેસાચા અને સીધા સંપર્કમાં આવવું તે શિક્ષણ છે.

બાળકમાં સર્વોચ્ચ પ્રકારની સંવેદનશીલતા હોય એ ગુણતત્વ આપણે ઈચ્છીએ છીએ. સંવેદનશીલતા એ બુધ્ધિ છે. તે પુસ્તકોમાંથી આવતી નથી. તમે ગણિતશાસ્ત્ર શીખવામાં ચાળીસ વર્ષો વિતાવો, પણ જો પેલાં પુષ્પોને, પેલા ભૂરા આકાશને જોઈ ન શકો, તો તમે મૃત છો. જો તમે સંવેદનશીલ બુધ્ધિનો સર્વોચ્ચ ગુણ ધરાવતા સંવેદનશીલ હો તો તમે પેલાં પુષ્પો પણ જોઈ શકો અને ગણિતશાસ્ત્ર પણ શીખી શકો. જો બુધ્ધિની સક્રિયતા હશે તો તે બંને ક્ષેત્રોને આવરી લેશે.

- જે.કૃષ્ણમુર્તિ

સાચી કેળવણી તો બાળકની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. આ વસ્તુ વિદ્યાર્થીઓના મગજમાં નકામી હકીકતોનો ખીચડો ભરવાથી કદી સાધી ન શકાય.

મનુષ્ય માત્ર બુધ્ધિ નથી, માત્ર શરીર નથી, માત્ર હૃદય કે આત્મા નથી. ત્રણેયના એકસરખા વિકાસમાં મનુષ્યનું મનુષ્યત્વ સધાય છે.

- ગાંધીજી

આપણે ઈચ્છીએ તેમ બાળકને ઘડી શકીએ તેવું એ મીણનું પૂતળું નથી. પણ તેનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે, તે સમજીને આપણે તેના વિકાસ માટે સગવડ કરી આપવાની છે. બાળકો માટે ખેલવું, કૂદવું વગરે દ્વારા પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવાની છૂટ હોવી જોઈએ. બાળકોમાં બધી શક્તિ રહેલી છે. તે સદા ક્રિયાશીલ રહેવાનું પસંદ કરે છે. બાળક સ્વતંત્રતાપ્રિય છે અને તેને છૂટ આપવામાં આવે તો તેને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવાનો આનંદ મળે છે. કામ કરવામાં આવતી મુશ્કેલી સમજે અને તે મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરવો તેનું જ્ઞાન આપોઆપ મળે છે.

- મેડમ મોન્ટેસરી

બાળકને વાંચતાં, લખતાં અને ગણતાં શીખવવું એટલે શિક્ષણ થયું એવો શિક્ષણનો એક ગલત અને અધૂરો ખ્યાલ સમાજમાં દૃઢ થયો છે. આપણે એ ભૂંસવો જોઈએ.

એકલું અક્ષરજ્ઞાન એ સંપૂર્ણ કેળવણી નથી. બાળક એને સોંપેલું કામ જવાબદારીપૂર્વક કરતું થાય, સુંદર રીતે કરતું થાય, એને ગાતાં આવડે, નાચતાં આવડે એ પણ શિક્ષણ છે. બાળક જોઈ-સાંભળીને આ બધું શીખે છે. કેટલાંક માબાપ બાળકને ઝટપટ લખતો-વાંચતો કરવા અધીરાં થઈ જાય છે અને એના કુમળા મન ઉપર વ્યર્થ બોજો નાખે છે, એથી બાળકનો વિકાસ સ્વાભાવિકપણે થતો નથી. યોગ્ય કાળે યોગ્ય વસ્તુ શીખવવી એ કેળવણીનું મહત્વનું સૂત્ર છે.

- બબલભાઈ મહેતા

*****

## વર્ષારાણી

ભલે પધારો જીવનધાત્રી વર્ષારાણી,
પુલકિત થયા છે સૌ નર-નારી.
તે તો વેર્યા ખેતર- બાગ મોતી,
શુષ્ક પડેલી સૃષ્ટિને આપી જીવનજ્યોતિ.
ભલે પધારો..
ખેડુ હૈયે હરખાય સોનેરી-રૂપેરી મોલે,
ખેડુ પરિવાર હરખે ફાલ જોઈ અનમોલ.
હર વર્ષે આવે છે તેમ આવજે તું વર્ષારાણી,
નહીં તો આ અમ સૌના જીવન થાશે ધૂળધાણી.

મહેતા એકતા (ધો.૮-ક)

## સમયનું મૂલ્ય

જાણો સમયનું મૂલ્ય,
તેના વિના નહીં જીવનનું મૂલ્ય,
સમયને સાચો પારખનાર,
જીવનમાં ધન્ય બની જાય
સમયનું મૂલ્ય ન સમજતાં,
કામ કર્યા વિના આળસ કરતાં,
પ્રસિદ્ધિ કયારેય ન મળે,
પહેલાંની મહેનત જાય એળે.
સમયનું મૂલ્ય સમજનાર,
વિશ્વ આખામાં પ્રસિદ્ધિ પામનાર,
સમયની સાથે ચાલનાર,
કહેવાય સમયને સમજનાર.
પારખનાર વ્યક્તિ સમયને
પાર કરી જાય જીવનને

ટંકશાળી કિર્તન (ધો.૮-બ)

### રૂમઝુમ પગલે

રૂમઝુમ પગલે વસંત આવ્યો
મુકામ એણે વનમાં જમાવ્યો,
સ્વાગત વસંતનું કરવા માટે
દસે દીશાઓ થઈ છે આતુર
કોયલ મીઠા ટહુકા કરે
આમ્રમંજરીઓ મ્હોરી ઉઠી
રંગબેરંગી પુષ્પ ખીલે
ભમરાઓ ગુંજારવ કરે,
એવો આ ઋતુરાજ વસંત
વર્ણન કરતાં ન થાકે કવિ    રૂમઝુમ પગલે..
વસંત છે પુષ્પોની ઋતુ
વસંત છે તહેવારની ઋતુ
પ્રેમ-સૌંદર્યનાં પાઠ પઢાવે
રૂપ પ્રકૃતિની મધુરિમાને સાકાર કરે
પ્રકૃતિને આમ ખીલતી જોઈ
મન મારું ઝુમી ઉઠે    રૂમઝુમ પગલે..

**રીચા પાઘડાર (ધો.૮-અ)**

*****

### કેવું છે આ જગ !

પતંગ ઉડાવી આનંદ માણે,
કેવું છે આ જગ ?
પતંગ ઉડાડતા પંખીઓની પાંખ કાપે
કેવું છે આ જગ ?
શિકાર કરીને આનંદ માણે
કેવું છે આ જગ ?
શિકાર કરીને પશુઓને મારે,
કેવું છે આ જગ ?
મૂંગા પ્રાણીઓના દુઃખે સુખ મેળવે,
કેવું છે આ જગ ?
પશુ-પંખી વિના સૂનું જાણે સૌ,
કેવું છે આ જગ ?
દુનિયાના લોકો મારો સંદેશો જાણો,
કેવું છે આ જગ ?
આગળ આવી હિંસા નિવારો,
સુંદર બને આ જગ.
લોકોને ભાનમાં લાવો,
સુંદર બનાવવા જગ !
મૂંગા પ્રાણી બચાવીને આનંદ પામો,
સુંદર બનાવો આ જગ !

**આલય કાપડીયા (ધો.૮-ક)**

### કવિતા

મને કવિતા લખવા દો
મને આક્રોશ ઠાલવવા દો
મમ હ્રદયને છલકાવા દો
મમ લાગણીને નીકળવા દો
સામાજીક કુરિવાજ ઉડી જવા દો
દંભ ભ્રષ્ટાચાર નષ્ટ કરવા દો
પાપ, ખંધાઈ સામે લડવા દો
અસત્યનો નાશ કરવા દો
રૂંધો નહી મને
જરા તો મારી ઈચ્છા પૂર્ણ કરવા દો.

**શેઠ દીપ (ધો.૮-ક)**

*****

### ઘડિયાળ

ટિક - ટિક - ટિક કરતી ચાલે
સૌને કામમાં આવે
ત્રણ હાથ ધરાવે
સૌને નાચ નચાવે    ટિક - ટિક..
એ નહી તો કંઈ નહી
જગત આખું અહીં-તહી,
સમય નહી તો કશું નહી,
શોભે જ્યાં સમય સહી !    ટિક ટિક..
સૌ બોલીને કામ કરાવે,
વગર બોલે એ કામ કરાવે,
સઘળાં કામ કરાવે એ,
જાણે જગતને ચલાવે એ !    ટિક - ટિક..

**શાહ ભૂમિ(ધો.૮-ક)**

## સૂચનાઓ

**ગણવેશ :**

જૂન ૨૦૦૫થી શરૂ થતાં નવા સત્રમાં શાળાના ગણવેશમાં હવે કાળા બુટ અને ગ્રે રંગના મોજાં પહેરવાનાં રહેશે.

**ઉનાળુ વેકેશન :**

તા.૧૨-૬-૦૫ સુધી ઉનાળુ વેકેશન રહેશે. તા.૧૩-૬-૦૫ને સોમવારથી નવું સત્ર રાબેતા મુજબ શરૂ થશે.

**સહકારી સ્ટોર્સ :**

વેકેશન દરમ્યાન શાળાનાં સહકારી સ્ટોર્સમાં પાઠયપુસ્તકો, નોટો વિગેરેનું વેચાણ ચાલુ રહેશે. તેનો સમય સવારે ૯-૩૦ થી ૧૧-૩૦નો રહેશે.

**બાળગીતોની કેસેટો**

બાળગીતોની કેસેટો ભાગ ૧,૨,૩ તથા અભિનય ગીતોની કેસેટો ભાગ ૧,૨,૩ તેની પુસ્તિકાઓ સાથે સ્ટોર્સમાંથી મળી શકશે. આ ઉપરાંત બાલમંદિરમાં યોજાયેલ નવરાત્રિ મહોત્સવ અને નંદમહોત્સવની સી.ડી. પણ સ્ટોર્સમાંથી ઉપલબ્ધ થશે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com